અંધ અને વિકલાંગ કર્મચારીઓને
રજા પ્રવાસ રાહતમાં છુટછાટ
આપવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક : મહક / ૧૦૯૩/૧૦૩/ જ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ફેબ્રુઆરી'૧૯૯૩.
23 FEB 1993

વંચાણમાં લીધો : (૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:એમએસબી-૧૨૭૮-૮૬-જ, તારીખ : ૫-૧-૧૯૭૯.

(૨) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:પીસીઆર-૧૦૮૬-૧૯૮૦-(૬)-એમ, તા.૨૨-૧-૧૯૮૭.

(૩) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:મસભ-૧૦૯૦-૧૦૫૮-જ, તારીખ: ૩૦-૭-૧૯૯૦.

(૪) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:એમએસબી-૧૨૮૭-જીઓઆઇ-૧૫૪-જે; તા.૨૭-૧-૧૯૮૮.

ઠરાવ ::-

સામુખમાં દર્શાવેલ તા.૨૨-૧-૮૭ ના તેમજ તા.૩૦-૭-૯૦ના ઠરાવની જોગવાઇ મુજબ કર્મચારીઓએ રજા પ્રવાસ રાહત હેઠળનો પ્રવાસ જાહેર વાહનો જેવા કે રેલ્વે / એસ.ટી.બસ / ગુજરાત સરકાર અને અન્ય રાજ્ય સરકારના ટુરીઝમ કોર્પોરેશનની બસો તથા ગુજરાત રાજ્ય ટુરીઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા પ્રમાણિત કરેલ હોય તેવી ખાનગી કંપનીઓની બસોમાં કરવાનો રહે છે. જો આવો પ્રવાસ ઉપર જણાવ્યા સિવાયના બીજા કોઇ વાહન દ્વારા કરવામાં આવ્યો હોય તો રજા પ્રવાસ રાહતના નાણાં કર્મચારીને મળવાપાત્ર થતાં નથી.

૨. ઉપરોકત જોગવાઈને કારણે અપંગ કર્મચારીઓને રેલ્વે સ્ટેશન, એસ.ટી. સ્ટેન્ડ અથવા ટુરીઝમ ડેવ.કોર્પોરેશન દ્વારા માન્ય ખાનગી કંપનીઓ સુધી મુસાફરી માટે રીઝર્વેશન મેળવવા માટે જવામાં તેમજ મુસાફરીમાં અનેક મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે તેવી રજૂઆત સરકારશ્રી સમક્ષ થયેલ છે. આ અંગે કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકાર ઠરાવે છે કે, નાણા વિભાગના તા.૫-૧-૧૯૭૯ના ઠરાવમાં જણાવ્યા મુજબનું શારીરિક ક્ષતિ અંગેનું તબીબી પ્રમાણપત્ર ધરાવતા હોય તથા વાહન ભથ્થું મેળવતા હોય તેવા અંધ અને વિકલાંગ કર્મચારીઓને રજા પ્રવાસ રાહત ભોગવવા માટે નાણા વિભાગના તારીખઃ ૨૨-૧-૮૭ના ઠરાવની જોગવાઈમાં છુટછાટ મૂકીને આવા અંધ અને વિકલાંગ કર્મચારીઓને રજા પ્રવાસ રાહત હેઠળ ભાડાના ખાનગી વાહનમાં પ્રવાસ કરવાની છૂટ આપવામાં આવે છે. પરંતુ આવા વાહનો દ્વારા કરવામાં આવેલ મુસાફરી માટે તેઓને મળવાપાત્ર રેલ્વે ભાડાની મર્યાદામાં ચુકવણી કરવાની રહેશે.

૩. તા.૫-૧-૭૯ ના ઠરાવની જોગવાઈ મુજબ જે અંધ કે વિકલાંગ કર્મચારીઓ વાહન ભથ્થું મેળવવાને પાત્ર હોય પરંતુ આવા કર્મચારીઓ ઓફીસ કોમ્પ્લેક્ષમાં રહેતા હોવાને કારણે નાણા વિભાગના તા.૨૭-૧-૮૮ના ઠરાવ મુજબ તેમને વાહન ભથ્થું ન મળતું હોય તેવા કર્મચારીઓને આ હુકમો હેઠળ ભાડાના ખાનગી વાહનમાં રજા પ્રવાસ રાહત તેહેઠળ પ્રવાસ કરવાની છૂટ આપવામાં આવે છે.

૪. રજા પ્રવાસ રાહત અંગેની અન્ય શરતો યથાવત્ રહેશે.

૫. આ હુકમોનો અમલ રવાનગીની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રીમતિ આર.એમ.મહેતા
સરકારના ઉપ સચિવ,
નાણા વિભાગ.

<u>નકલ રવાના</u> :

x રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
x મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,

૩...